Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ISSN 2454-3705

# श्रुतसागर | શ્રુતસાગર
# SHRUTSAGAR (MONTHLY)

December-2020, Volume : 07, Issue : 07, Annual Subscription Rs. 150/- Price Per copy Rs. 15/-

EDITOR : Hiren Kishorbhai Doshi

BOOK-POST / PRINTED MATTER



वर्तमान श्री गोडीजी जैन मंदिर, मुंबई में प्रतिष्ठित तपागच्छाधिराज श्रीविजयदेवसूरि महाराज की भारतभर में एकमात्र धातुप्रतिमा। ( देखें पृ.२७ )

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर



For Private and Personal Use Only

# कोबातीर्थ समीप कैलासनगर वाटिका मध्ये नूतन जिनालय का शिलान्यास







कोबातीर्थ मध्ये काली चौदस के दिन श्री घंटाकर्ण महावीर पूजन की झाँकी





For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



RNI : GUJMUL/2014/66126 ISSN 2454-3705

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र

# श्रुतसागर શ્રુતસાગર

# SHRUTSAGAR (Monthly)

वर्ष-७, अंक-७, कुल अंक-७९, दिसम्बर-२०२०

Year-7, Issue-7, Total Issue-79, December-2020

वार्षिक सदस्यता शुल्क - रु. १५०/- ❖ Yearly Subscription - Rs.150/-

अंक शुल्क - रु. १५/- ❖ Price per copy Rs. 15/-

**आशीर्वाद**

**राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा.**

**❖ संपादक ❖** हिरेन किशोरभाई दोशी

**❖ सह संपादक ❖** रामप्रकाश झा, राहुल आर. त्रिवेदी

**❖ संपादन निर्देशक ❖** गजेन्द्रभाई शाह

एवं

ज्ञानमंदिर परिवार

१५ दिसम्बर, २०२०, वि. सं. २०७७, मार्गशीर्ष शुक्ल पक्ष-०१

**प्रकाशक**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**

(जैन व प्राच्यविद्या शोध-संस्थान एवं ग्रन्थालय)

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर-३८२४२६

फोन नं. (079) 23276204, 205, 252 फैक्स : (079) 23276249, वॉट्स-एप 7575001081

**Website** : www.kobatirth.org **Email :** gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रम


| | | | |
|---|---|---|---|
| १. | संपादकीय | रामप्रकाश झा | ५ |
| २. | श्रुतप्रेमी दाताओं की सूची | - | ६ |
| ३. | गुरुवाणी | आचार्य श्री बुद्धिसागरसूरिजी | ७ |
| ४. | Awakening | Acharya Padmasagarsuri | ८ |
| ५. | विजयदेवसूरि पुण्यखजानो | गणि सुयशचंद्र-सुजसचंद्रविजयजी | ९ |
| ६. | गुरुविहार गहुंली | गजेन्द्र शाह | २० |
| ७. | धर्मकथानुयोगनी महत्ता अने श्री देवभद्रसूरिकृत कथारत्नकोष | मुनिश्री पुण्यविजयजी | २६ |
| ८. | पुस्तक समीक्षा | रामप्रकाश झा | २८ |
| ९. | समाचार सार | - | ३० |


**❄ अंक प्रकाशन सौजन्य ❄**

**गुरुकृपा परिवार**

**जांण अजाण्यां वस पड्यो, क्या करे किर्ताल ।**
**चंदन पड्यो लुहार वस, बालि कर्यो अंगार ॥**

**प्रत क्र. १३५०४८**

**भावार्थ-** ज्ञानी व्यक्ति यदि अज्ञानीओं के हाथ लग जाए तो ईश्वर भी क्या कर सकता है, जैसे चंदन लुहार के हाथ लग गया तो उसको जलाकर अंगार कर दिया।

**❖ प्राप्तिस्थान ❖**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**
तीन बंगला, टोलकनगर, होटल हेरीटेज़ की गली में
डॉ. प्रणव नाणावटी क्लीनिक के पास, पालडी
अहमदाबाद - ३८०००७, फोन नं. (०७९) २६५८२३५५

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संपादकीय

**रामप्रकाश झा**

साधना और आराधनामय भव्य चातुर्मास की समाप्ति के पश्चात् श्रुतसागर का प्रस्तुत अंक आपके करकमलों में समर्पित करते हुए हमें अतीव प्रसन्नता की अनुभूति हो रही है। इस अंक में योगनिष्ठ आचार्य बुद्धिसागरसूरीश्वरजी की अमृतमयी वाणी व स्थायी स्तम्भों के अतिरिक्त दो अप्रकाशित कृतियों का प्रकाशन किया जा रहा है।

सर्वप्रथम **"गुरुवाणी"** शीर्षक के अन्तर्गत जैनधर्म की व्यापकता, उसका प्रचार-प्रसार तथा ज्ञान के विशाल वर्त्तुल का परिचय दिया गया है। द्वितीय लेख राष्ट्रसंत आचार्य श्रीपद्मसागरसूरीश्वरजी के प्रवचनों की पुस्तक 'Awakening' से क्रमशः संकलित किया गया है, जिसमें एक ही कथन अलग-अलग तरह से कहने से सुननेवाले के मन पड़नेवाले प्रभावों का वर्णन किया गया है।

अप्रकाशित कृति प्रकाशन के क्रम में सर्वप्रथम पूज्य गणिवर्य श्रीसुयशचन्द्र-सुजशचन्द्रविजयजी म. सा. के द्वारा सम्पादित **"विजयदेवसूरि पुण्यखजानो"** प्रकाशित किया जा रहा है। जिसके अन्तर्गत कर्त्ता श्रीसत्यसौभाग्य मुनि ने आचार्य श्री विजयदेवसूररि की बाल्यावस्था से आचार्यपद प्राप्ति तक के समय का वर्णन किया है। द्वितीय कृति के रूप में आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर में कार्यरत पंडितवर्य श्री गजेन्द्रभाई शाह के द्वारा सम्पादित **"गुरु विहार गहुंली"** कृति का प्रकाशन किया जा रहा है। इस कृति में गहुंली प्रकार परिचय एवं चातुर्मास के बाद साधु भगवंतो के विहार समय में कर्ता द्वारा की गई भाववाही विनति को सुंदर रूप से दर्शाया गया है। पुनःप्रकाशन श्रेणी के रूप में इस अंक में मुनि श्री पुण्यविजयजी लिखित **"कथारत्नकोश अने तेना कर्त्ता श्री देवभद्रसूरि"** के आगे का अंश प्रकाशन किया जा रहा है, जिसके अन्तर्गत जनसामान्य हेतु जैन कथा साहित्य की उपयोगिता तथा उसकी महत्ता के ऊपर प्रकाश डाला गया है।

पुस्तक समीक्षा के अन्तर्गत श्री प्रेमलभाई कापडिया के द्वारा सम्पादित **"श्रीमद् देवचन्द्रकृत चौवीशी"** पुस्तक की समीक्षा प्रस्तुत की गई है। इस पुस्तक में श्री देवचन्द्रजी के द्वारा रचित चौवीशी का संस्कृत-प्राकृत अवतरणों व प्रचूरमात्रा में दुर्लभ प्राचीन चित्रों के साथ विवेचन किया गया है। आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर के लिए गौरव का विषय है कि इन में से अधिकांश प्राचीन चित्रों को संस्था के संग्रहालय में से लिया गया है। जिसके कारण इस पुस्तक का महत्त्व बढ़ गया है। मुखपृष्ठ चित्र के लिए श्री विजयदेवसूरि म.सा. का फोटो हमें श्रीगोडीजी जैन मंदिर मुंबई की ओर से साभार प्राप्त हुआ है।

हम आशा करते हैं कि इस अंक में संकलित सामग्रियों के द्वारा हमारे वाचक अवश्य लाभान्वित होंगे व अपने महत्त्वपूर्ण सुझावों से हमें अवगत कराने की कृपा करेंगे।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्रुतप्रेमी दाताओं की अनुमोदना

### श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

सकल जैनसंघ का गौरवस्थान

### आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

**सदुपदेशक : प्राचिन श्रुत-तीर्थोद्धारक, राष्ट्रसंत**

**पूज्य आचार्यदेव श्री पद्मसागरसूरीश्वरजी महाराजा**

## श्रुतप्रेमी दाताओं की नामावली

- श्री सीमंधर शांतिसूरी जैन ट्रस्ट, बेंग्लोर
- श्री प्रेमवर्धक जैन श्वे.मू.पू.संघ,धरणीधर, पालडी, अमदावाद
- श्री प्रह्लादनगर जैन श्वे.मू.पू.संघ, सेटेलाईट, अमदावाद
- श्री जैन श्वे.मू.पू.सुधारा खातानी पेढी, महेसाणा
- श्री सेटेलाईट श्वे.मू.पू.जैन संघ, सेटेलाईट, अमदावाद
- श्री जोधपुर सेटेलाईट श्वे.मू.पू.जैन संघ, अमदावाद
- शेठ अमीचंद पन्नालाल आदिश्वर टेम्पल चेरीटेबल ट्रस्ट, मुंबई
- श्री आंबावाडी श्वे.मू.पू.जैन संघ, आंबावाडी, अमदावाद
- श्री विमलनाथ जैन टेम्पल, कोईम्बतूर

**धन्यवाद... अनुमोदना... अभिनंदन...**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुवाणी

**आचार्य श्री बुद्धिसागरसूरिजी**

## जैनदृष्टिए आत्मानुं अनन्त वर्तुल

जैनदर्शन, संग्रहनय सत्ताए **एगे आया** एवुं आत्मत्व जाति सामान्ये स्वीकारी आत्मा रूप ब्रह्मनी अस्ति विश्वमां सर्वत्र स्वीकारे छे अने तेमां सर्वनो अन्तर्भाव करे छे। सापेक्ष संग्रहनये जैनो शंकराचार्यना ब्रह्मवादनो आत्मामां अन्तर्भाव करीने जैनधर्मनी अनन्त वर्तुळतानो जगतने ख्याल करावी आपे छे। धर्मनां एकान्तवादि लघुवर्तुळो महावर्तुळमां समाय, पण जे स्याद्वाद ज्ञानरूप अनन्त वर्तुळ छे तेनो अन्य एकान्तवादात्मक लघुवर्तुळमां समाव थाय नहीं। हाथीना पगमां सर्वना पग समाय पण अन्यना पगमां हाथीना पग समाय नहीं। आ नियम प्रमाणे अन्यदर्शनो खरेखर अनेक सापेक्षनयोनी अपेक्षाए जैनदर्शनमां समाइ जाय छे। श्री आनंदघनजी कहे छे के - **षड्दर्शन जिनअंग भणीजे ॥ जिनवरमां सघळां दर्शन छे. दर्शने जिनवर भजना रे. सागरमां सघळी तटिनी सही. तटिनीमां सागर भजना रे. षड्दर्शन जिन...** जडवादीओना मतने पण जैनधर्मरूप पुरुषनी कुख समान गणीने जे दर्शन पोतानामां तेने सापेक्षपणे समावे छे ते दर्शननी अनन्तवर्तुळताने कोइ पहोंची शके तेम नथी। **अपरिमित सापेक्षज्ञानमय अनन्तवर्तुळरूप जैनदर्शन ए एक महासागर छे, तेमां अन्यदर्शनो रूप नदीओ समाइ जाय छे। अहो ! आवा स्याद्वाद जैनदर्शन स्वरूपने जैनो तरीके गणाता जैनोमांथी पण आंगळीना टेरवा पर गणाय एटला विद्वानो सम्यग् रीते उपर कथ्या प्रमाणे अने तेनो भावार्थ अन्योने संपूर्ण रीत्या अवबोधाववा समर्थ थाय छे।** जैन तरीके कहेवाता जैनो द्रव्यानुयोगी अने अध्यात्मज्ञानी गीतार्थोनी सेवा करीने जैनदर्शननी अनन्त वर्तुळता परिपूर्ण अवबोधी शके तो तेमनी विशालदृष्टि थाय अने तेओना हृदयमांथी संकुचितवृत्ति टळी जाय। तेमज तेओ सर्व दर्शनोमां व्यावहारिकोन्नति तथा धार्मिकोन्नति करवामां अग्रगण्यपद धारण करनार जैनधर्मनी अनन्त वर्तुळतानो विश्वमां बोध आपी शके। नयोनी अपेक्षाओ, विचारो अने उत्सर्ग तथा अपवादमय आचारो के जे द्रव्य, क्षेत्र, काल, भाव, प्रमाणे साधुओने तथा गृहस्थोने आचारवाना छे तेओनो ख्याल जगतने आपवा माटे गीतार्थोए अनेक भाषामां अनेक विचारमय पुस्तको लखीने तथा भाषणो आपीने पोतानी फरज बजाववी जोइए।

**क्रमशः**

**धार्मिक गद्य संग्रह भाग – १, पृष्ठ – ६९३**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Awakening

**Acharya Padmasagarsuri**

**(from past issue...)**

It is not proper to reveal a secret about somebody though that may be the truth, if it harms the person. We should always speak the truth no doubt, but we should speak the truth that is helpful to others and refrain from speaking the truth that harms others because it is a sin to cause harm to others. Hence, the Mahashraman Mahavir has given this sacred commandment :

"You should not speak a truth if by speaking it you are committing a sin."

In that magnificent novel, Les Miserable by Victor Hugo, there is a soul-stirring event. A holy man speaks an untruth and saves a robber from punishment with the consequence that the robber becomes a noble person, on account of the impact of the holy man's benevolence.

Our speech must be like a mantra, that is a sacred utterance. It should be brief but profoundly meaningful. On account of speaking haughtily in the intoxication of affluence even a millionaire becomes penniless, and has to go to court for recovering coppers.

If you have control over your thoughts, you can have control over your words.

Why does the "than dulfish" which is as tiny as a grain of rice, go to the seventh hell? It sits on the eyelids of a crocodile and watches how when the crocodile opens its large mouth, small fish rush out of its mouth and run hither and thither and it thinks "This crocodile is a fool. It cannot even shut its mouth properly. If I were in its position, I would not allow even a single fish to get out of my mouth when once it had come in."

**(continue...)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*सत्यसौभाग्य मुनि कृत*

# विजयदेवसूरि पुण्यखजानो

**गणि सुयशचंद्र-सुजसचंद्रविजयजी**

विजयहीरसूरीश्वरजी महाराज तपागच्छना पुण्यपुरूष हता। तेमनी परंपरामां विजयसेनसूरिजी, विजयदेवसूरिजी, विजयप्रभसूरिजी, विजयसिंहसूरिजी पण विजयहीरसूरिजी जेवा ज प्रभावको थया। प्रस्तुत कृति ते परंपरामांना विजयदेवसूरिजीना जीवनचरित्रनी वर्णना करती लघु रचना छे। अहीं कृतिकारे काव्यमां विजयदेवसूरिजीना जीवननी ऐतिहासिक विगतोनी साथे साथे तेमना सद्चारित्रनी विगतो पण संक्षेपमां गुंथी लीधी छे।

**कृतिसार-**

प्रस्तुत कृति पांच ढाळमां रचायेल ऐतिहासिक रचना छे। अहीं कृतिना प्रारंभमां 'मां' शारदानुं स्मरण करी कृति रचनानुं प्रयोजन आलेखता कविए ते पछीना पांच दूहाओमां सूरिजीना गुणवैभवनी तथा तेमना नाममंत्रनी स्मरणानुं फळालेखन करी प्रथम ढाळनो प्रारंभ कर्यो छे। देशाख रागनी आ ढाळमां कविए सौ प्रथम इडर नगरीनी वर्णना कर्या बाद अनुक्रमे त्यांना नर-नारीओनी, तेमां'य मुख्य एवा त्यांना व्यवहारी साह थिरानी तथा तेनी सुख-समृद्धिनी, तेनी पत्नि रूपानी तेमज तेणीना शीलादिगुणवैभवादिकनी वर्णना आलेखी छे। वळी कविए आ ढाळना चोथा पद्यथी ते दंपत्तिने संसारसुख भोगवता उत्पन्न थयेला पुत्ररत्नना जन्मसमय, तेना जन्मोत्सव तथा नामकरणनी महत्वनी विगतो पण लखी जणावी छे।

रासना त्यारपछीना दूहाओमां तथा बीजी ढाळमां ते बालक वासणना लक्षणोनुं तथा तेना गुणवैभवनुं वर्णन आलेखी कविए अनुक्रममां आवता दूहाओमां विजयसेनसूरिजीना अमदावाद पधारता पुत्र वासणना माता साथे सूरिजीने वांदवा गयानी तथा विजयसेनसूरिजीना ज्ञानादिक वैभवनी वातो टूंकमां रजू करी छे। ज्यारे तेनी(बीजी) ढाळमां कविए श्रीसंघने गुरुभगवंत वडे अपाती धर्मदेशनानुं तथा तेना श्रवणथी बाळक वासणना हृदयमां उत्पन्न थयेली चारित्र धर्म स्वीकारवानी अभिलाषानुं वर्णन आलेखी माता साथे संयम ग्रहण करता वासणनी ऐतिहासिक नोंध द्वारा ढाळनुं समापन कर्युं छे। खास अहीं ढाळांतमां अपायेल पूज्यश्रीनी दीक्षा संवत् ध्यानार्ह छे। कृतिना त्यारपछीना दूहाओ पण उपरोक्त विगतना अनुसंधानमां ज रचाया छे। ते

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दूहाओमां वासणना दीक्षानामनी, तेमना विद्याध्ययननी, चारित्रशुद्धिनी तथा पंडित पद अपायानी विगतो कविए गुंथी छे। विशेष नोंधमां- पंडित पद अपायानी संवत् आलेखनो शब्द "सर-सरस"(५६) प्रयोगनी दृष्टिए तथा ऐतिहासिक दृष्टिए महत्वपूर्ण छे।

हवे पछीनी ढाळ मुख्यत्वे विजयदेवसूरिजीना आचार्यपदोत्सवनी वर्णना करती ढाळ छे। जेमां कवि वडे पोतानी पाट कोने सोंपवी ते अंगे चिंतित विजयसेनसूरिजीनी, ते माटे तेमना वडे कराती विधिपूर्वकनी सूरिमंत्रनी साधनानी, तेमनी ते आराधनाथी प्रसन्न थयेला यक्षराजे आचार्यश्रीने विद्याविजयजीने पदप्रदान करवा जणाव्युं तेनी, यक्षराजना वचन अनुसार सं.१६५७ मां पं.विद्याविजयजीने खंभातमां सौ प्रथम वाचक पद तथा त्यार पछी आचार्य पद प्रदान करायानी, पद प्रदान प्रसंगे साह श्रीमल्ल सोमावडे घणु द्रव्य खरचायानी, ते पछी ते ज वर्षे पाटणमां सूरिजीनो वांदणा महोत्सव करायानी महत्त्वपूर्ण विगतो आलेखायेली छे। विशेषमां अहीं ढाळ पछीना दूहाओमां सूरिजीना प्रभावनी तथा प्रतापनी वातो पण जोवा मळे छे।

काव्यनी पांचमी ढाळ कामदेवने जीतवा माटे नीकळेला विजयदेवसूरिरूपी राजवीना युद्धवर्णननी वातो जणावती ढाळ छे। अहीं एक बाजु कामदेवरूपी राजा छे तो बीजी बाजु विजयदेवसूरिरूपी राजा छे। आ बन्ने राजवीओ कइ रीते पोतपोताना सुभटो साथे (योद्धाओ साथे), हाथी-घोडा विगेरे लावलश्कर साथे, भाला-तीरादि शस्त्र साथे युद्धमां उतर्या छे तेनुं अहीं तादृश स्वरूप आलेखायेलुं जोवा मळे छे। जेमां विजयदेवसूरिजीने पक्षे पंच आचाररूपी वीरो छे, तो यतिधर्मरूपी सुभटो। महाव्रतरूपी हाथीओ छे, तो चारित्ररूपी घोडाओ अने १८००० शीलांगरूपी रथ। शीलरूपी बख्तर छे, तो जिनाज्ञारूपी टोपो। यतिकार्यरूपी भाला छे, तो संतोषरूपी तलवार। ज्ञानरूपी धनुष छे, तो मूलगुणरूपी बाण। ज्यारे बीजी बाजु कामदेवना पक्षे मिथ्यात्वरूपी सुभट छे, तो १६ कषायरूपी सामंतो। तेने नो-कषायरूपी अंगरक्षको छे, तो कुसुमरूपी हथीयार। आश्रवरूपी योद्धा छे, तो मोहरूपी सेनापति।

आम बन्ने पक्षना सैन्यनुं स्वरूपालेखन करी ढाळना शेष पद्यो द्वारा कविए ते बन्ने पक्षना सैन्यमांथी कोणे, कोनी साथे तथा कइ रीते युद्ध कर्युं तेनी वर्णना संक्षेपमां रजू करी ते बन्ने राजवीओना परस्परना युद्धनी तथा तेमां विजयदेवसूरिवडे प्राप्त कराता विजयनी वातो गुंथवा द्वारा ढाळनुं समापन कर्युं छे। काव्यांतना ढाळ पूर्वेना दूहाओ तथा काव्यांतनी ढाळ ए बन्नेमां विजयदेवसूरिजीनी गुणस्तवना ज छे। जो के दूहामां कामदेव-विजयने अनुलक्षीने स्तवना कराइ छे, ज्यारे ढाळमां सूरिजीना सूर्य

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समान प्रभावने वर्णवती स्तवना कराइ छे। विशेषमां अहीं स्तवनानी साथे सूरिजीना चिरंजीवीपणानी प्रार्थना करता कविए स्वपरंपरानी आलेखना पूर्वक कृति पूर्ण करी छे।

## कृतिकार

कृतिकार सत्यसौभाग्यजीए[1] काव्यांतमां नोंध्या मुजब तेओ श्रीसौभाग्यना शिष्य छे। जो के काव्यमां तेमना गच्छादिनी कोइ विशेष नोंध मळती नथी। परंतु प्रस्तुत रचना तपागच्छीय हीरविजयसूरिजीनी परंपराना आचार्यश्रीने अनुलक्षीने कराइ होय कृतिकार पोते पण ते ज परंपराना होय तेवुं अनुमान थाय छे। कृतिकार विशे अन्यत्र तपास करता तेमनी गुरुपरंपरा अनुसंधान अंक-४५ पृ.१४ मा नीचे मुजब मळे छे। (वळी ते आपणा अनुमानने पुष्ट पण करे छे)

आनंदविमलसूरिजी-विजयदानसूरिजी-विजयहीरसूरिजी-विजयसेनसूरिजी-राजसागरसूरिजी-श्रीसौभाग्य-सहजसौभाग्य। जो के अहीं पण राजसागरसूरिजी पछीनी परंपरामां कइंक खूटतुं होय तेवुं लागे छे। पण तेनो निर्णय तो कोइ पुरावो मळे त्यारे ज करी शकाय। कृतिकारनी अन्य कृतिओमां एकमात्र “श्रीबीबीपुरस्थित चिंतामणी पार्श्वनाथ प्रासाद प्रशस्ति” नामनी ऐतिहासिक रचना मळे छे। ते सिवाय तेमनी कोइ रचना अमोने मळी नथी। तेमनी कोइ अन्य कृतिओ वाचकोना ख्यालमां होय तो तेओ अमारूं ध्यान दोरे तेवी भलामण।

**पुण्यखजानो साहित्य-** कृतिगत विषय जोता आ नामनी रचनाओने पण पूज्योना पुण्य प्रभावनुं स्वरूप वर्णवती रचनाओ कही शकाय। उपरोक्त कृतिना नामनी जेवी ज पुण्य पर प्रकाश पाथरती आवी अन्य ३ कृतिओ नोंधायेली जोवा मळे छे। (१) विजयदानसूरि पुण्यखजानो रास, (२) विजयहीरसूरि पुण्यखजानो रास (३) विजयसेनसूरि पुण्यखजानो रास। कदाच आवी ज रचनाओ अन्य संप्रदायमां पण थइ होय तो तेनी तपास करवी घटे।

प्रान्ते संपादनार्थे प्रस्तुत कृतिनी हस्तप्रत नकल आपवा बदल श्रीविमलगच्छ उपाश्रय ज्ञानभंडार अमदावादना ट्रस्टीओनो, प.पू.आ.श्री प्रद्युम्नविमलसूरि म.सा. नो तथा प.पू. मुनिराजश्री जंबूविजयजी म.सा. ना शिष्य प.पू.आ. श्री पुंडरीकरत्नसूरि म.सा. नो खूब-खूब आभार।

संपादनमां पाठ सुधारा माटे पाठने () मां, पाठ उमरो [] मां तथा अनावश्यक पाठ माटे {} नो उपयोग करेल छे।

---

1. कर्तांना विशेष परिचय माटे जुओ ‘सत्यसौभाग्य उपाध्यायनो रास’ रास पद्माकर भा. २, पृ. १८४

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# विजयदेवसूरि पुण्यखजानो

॥ॐ॥ श्रीगुरुभ्यो नमः॥

**दूहा**-जिनमुखकमलनिवासिनी, श्रुतदेवी समरेवि।
श्री**विजयदेवसूरिंद**ना, गुण गाउं संखेव(वि) ॥१॥

**"श्रीविजयदेव"** इति **मंत्र** मुख, जे समरइ निसदीस।
तस घरि गाजइ गजघटा[१], नरपति नामइ सीस ॥२॥

श्रीविजयदेव सहकार[२] सम, मन मधुकर झंकार[३]।
जस प्रताप हरषित करि[४], कवि-कोकिल[५] कुहुकार ॥३॥

विजयदेव दिनमणि समो, दिन दिन अधिक प्रताप।
जास वचन-दु(द्यु)ति[६] संहरइ, कुमती(ति)तिमिर-संताप ॥४॥

**महावीर** सासनधणी, कीधो अविचल पट्ट।
श्री**विजयसेनसूरिसनो**, विजयदेव गुणहट्ट[७] ॥५॥

प्रगटपुण्य कलिकालमां, सकल संघ-कृत-सेव।
श्रीविजयदेवसूरिंदनो, पुन्यउदय कहुं हेव ॥६॥

***॥ राग-देशाख ॥ ढाल-१ ॥***

इडर नगर अमरापुरी[८] तोलइ, सुरगण देव(ख)इ ऊभा ओलइं[९]।
जिहां नर नारि तणो प्रतिबिंब, चित्त हुइं मनगिरि अविलंब ॥७(१)॥

तिहां वसइं मेरु महीधर धीर, **साह थिरो** व्यवहारि वीर।
जस धनकोटिं धनद हराव्यो, इम दानइं जग जस गवराव्यो ॥८(२)॥

तस घर घरणी **रुपां** नाम, रूप लावण्य कला अभिराम।
जिहां एहवी नारी गुणरंभा[१०], तिहां दिन दिन वाजइ जय-**भंभा**[११] ॥९(३)॥

शीलगुणइं सा सीता सरिखी, गर्भ धरइं शुभ स्वपनइं हरखी।
अनुक्रमइं जायो[१२] सुंदर पुत्र, जेह चलावइं देशनां सूत्र ॥१०(४)॥

विक्रम संवत सोल तेत्रीस**(१६३३)**, जिहा दुर्भिक्ष नहिं परवेश।
हेमवंत आवइं लोक सुवेस, धनवंत भोगवइ भोग असेस[१३] ॥११(५)॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रथम पोस शुदि तेरस दीस[१४], वृष लगनिं हुइ अधिक जगीस।
सुत सोहावइं कुल-यश-पूर, जिम उदयाचल ऊगतइं सूर ॥१२(६)॥

दिन दिन वाजइं मंगल नू(तू)र[१५], ए तो पुण्य तणो अंकूर।
शुभ मुहु(हू)रत दीधुं तस नाम, **वासण** इति शुभ गुणमणि खांण ॥१३(७)॥

**दूहा-** शुभ लक्षण-लक्षित हुओ, परगल[१६] पुण्य-सगाल[१७]।
अर्ध चंद्र सम दीपतुं, सुबुद्धि-सिरोमणि भाल ॥१४(१)॥

नंदनवन चंदनतरु, दीपइं परिमल पूर।
साह थिरा कुल तिम जयो, वासणजी गुणभूर ॥१५(२)॥

***॥ राग-धन्यासी ॥ ढाल-२ ॥***

जिम जिम नंदन वाधइ, तिम जन गुणमणि साधइ।
माता हरख न माय, दिन दिन उछव थाय ॥१६(१)॥

अष्ट संवत्सर[१८] मांन, सीखइ सकल विज्ञान[१९]।
दीपइ सुंदर रूप, सुरपतिनिं प्रतिरूप[२०] ॥१७(२)॥

वदन सुधाकर[२१] तोलइ, वचन अमीरस बोलइ।
सकल सुलख्यण[२२] सोहइ, सज्जनजन मन मोहइ ॥१८(३)॥

कुलदीपक कुलचंद, कुल-सुरतरू-वर-कंद।
कुलमंदिर-वर-थंभ, कुलकामिक(त?)-सुरकुंभ ॥१९(४)॥

**दूहा-** एणइ अवसरि **तपगछ**पति, श्रीविजयसेनसूरिंद।
**अहमदावाद**इ आवीआ, भविक-कमल-कुल-चंद ॥१॥

साह थिरा सुत साहसीह, हरखइ वंदन काज।
जननी साथइं चालीओ, लीधो उत्तम साज[२३] ॥२॥

वासण वंदइ हरखस्यूं, श्रीविजयसेन गुरु-सीह।
ज्ञानादिकगुणभवनमां, जिणि लखावी लीह[२४] ॥३॥

***॥ राग-केदारो ॥ ढाल-३॥***

श्रीगुरुवचन समरस भर्या, पुण्यतरू-विजय सुभ हेत रे।
वासणजी सुणि रंगस्यूं, भव-महोदधि-सेत[२५] रे ॥४(१)॥ श्री गरु...(आंकणी)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुर तिरि नारकी भव तणा, दुर्लभ मनुज अवतार रे।
तेमांहि दुर्लभ कुल जीआ[२६], धर्म अधर्म विचार रे ॥५(२)॥ श्री गुरु...

दुविध कह्युं जिनधर्म ए, श्रावक साधुनिं भेद रे।
बार व्रत पंच महाव्रत, वारवा[२७] भवभय-खेद रे ॥६(३)॥ श्री गुरु...

श्रावक व्रत सुखइं साधीइ, दुष्कर साधु-आचार रे।
श्रावक देसविरता हवा[२८], सरवविरति यति सार रे ॥७(४)॥ श्री गुरु...

शिवपुरमारग दो हवा, सम{य?} ते(ने) विषम ज होय रे।
बहु दिन जाइ सम-मारगिं, अलप दिन विषम-पंथ जोय रे ॥८(५)॥ श्री गुरु...

इति उपदेस वासण सुणी, साधुधर्म दीइ चित्त रे।
वीर ते विषम कारज भडइ[२९], एह मानी मनि चित्त रे ॥९(६)॥ श्री गुरु...

इम सुणी धरम रूपां सती, अधिक धरइ धर्मनूं ध्यान रे।
दोई संवेगरस-रंगस्यूं, कहइ द्यो संयम दान रे ॥१०(७)॥ श्री गुरु...

संवत सोल त्रइतालीसइ**(१६४३)**, जननी साथइं गुरु हाथिं रे।
माह शुदि दशमी दिनइं, वासण व्रत लीइ उछव साथइं(थिं) रे ॥११(८)॥ श्री गुरु...

**दूहा-** सुभ लगनिं निज कर दीइ, संयमश्री गणधार।
तिम वली **विद्याविजय** इति, नाम ठविं गुरु सार ॥१२(१)॥

थोडइ वेस[३०] सीखी सुमति, सकल साधु-आचार।
सानुयोग[३१] तव अभ्यसइ, अंग उपांग विचार ॥१३(२)॥

अंग वेद षट च्यार जे, मीमांसा सुपुराण।
धर्मशास्त्र तिम तर्क जे, तेहनो हवो बहु जाण ॥१४(३)॥

सुभ विद्यामंदिर हवो, विद्याविजय अपार।
तिम दर्शन चारित्र गुण, **वयरसीह** अनुसार ॥१५(४)॥

सर-सरस**([१६]५६)** विद्यमान जे, विक्रम संवत फार[३२]।
गुरु द्यइ विद्याविजयनिं, पंडितपद गुणसार ॥१६(५)॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ॥ राग-गोडी ॥ ढाल-४ ॥

एक दिन गुरु मन चिंतवइ रे, करवा गणधर सार।
**सूर(रि)मंत्र** आराधवा, प्रगट-प्रभा उदारो रे
पुन्य उदइ जोवो, पुन्यइ वंछित होय रे, पुन्य..(आंकणी) ॥१७(१)॥

सूरिमंत्र आराधवा रे, निश्चल धरेइ रे ध्यान।
वाजइ पडह अमारिनो रे, तिम सुर सिद्धि-निदान रे ॥१८(२)॥ पुन्य...

छट्ठ अट्ठमनइ पारणइ रे, आंबिल करइ गुरुराय।
अवि(व)धिन्यानि जाणी करी रे, प्रगट हवो **जखराय**[३३] रे ॥१९(३)॥ पुन्य...

जखि(ख्य)राज कहि किम कहो रे, हुं समर्यो मुनिराज।
सूरिराय सुर प्रतिं कहइ रे, कहो कहिनइ दिउं रे गछराज रे ॥२०(४)॥ पुन्य...

सहगुरु सुणो सो सुर कहइ रे, निरमल गुणभंडार।
कोविद[३४] विद्याविजय छिं रे, तस द्यो गछनो भार ॥२१(५)॥ पुन्य...

इम कही सुर निज पद[३५] गयो रे, हरख्या श्रीगुरुराय।
**खंभायत** निज दरशनिं, पावन करवानइ ए काज रे ॥२२(६)॥ पुन्य...

संवत सोल सतावनइ**(१६५७)** रे, मास भलो वैशाख।
उज्जल पखि चुथि दिन लीइ रे, लगनि मिलइ जन लाख रे ॥२३(७)॥ पुन्य...

**साह श्रीमल्ल सोमो** तिहां रे, करइ द्रव्य व(व्य)य सार।
जे देखी निधिनंद(नाथ?)नो[३६], सकल टलइं अहंकार रे ॥२४(८)॥ पुन्य...

वाचकपद देई करी रे, शुभ लगन शुभ अंस[३७]।
सार सूरी(रि)पद थापना, करि गुरु मनि अवतंस[३८] रे ॥२५(९)॥ पुन्य...

**वाचक विद्याविजयनिं** [रे], नाम ठवइ गुरुराज।
विजयदेव इति जयकरो रे, जय सूरी(रि)-सिरताजो रे ॥२६(१०)॥ पुन्य...

नंदन रितु विधु मित्त**(१६५९)**[1] जे रे[2], वरसइ श्रीगुरुराय।
पुहुता पाटण बहु विधि रे, वंदन ओछव थाय रे ॥२७(११)॥ पुन्य...

---

1. अहीं "नंद"थी ९नो अंक लेवायो छे परंतु संदर्भ ग्रंथोमां वांदणा महोत्सवनी संवत् १६५७ नी मळे छे जे विचारणीय छे.
2. "नंद बान रितु विधु (१६५९) मिते रे" एवुं पद अहीं होवुं जोइए।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**दूहा-** श्रीविजयसेनसूरीसनो, सूरथी अधिक जगीस।
दिन दिन प्रतपो भुवनमां, नरपति नामिं सीस ॥१॥

विजयदेवसूरिंदनो, दिन दिन वाध्युं वान[३९]।
**सत्य** कहइ गुण गावतां, सुरपति हर्खइं कान ॥२॥

विजयदेवसूरिंदनो, पामइ जेह प्रसाद।
**सत्य** कहइ सुणीइ सदा, तस घरि तूरनो नाद ॥३॥

विजयदेव गुरुराज ए, एक दिन प्रबल प्रताप।
मदन महीपति जीपवा, करइं कटकनो थाप[४०] ॥४॥

***॥ राग- आसाउरी ॥ ढाल-५ ॥***

विकट बल प्रगट तट मदन भट भंजके,
सबल बल साज गुरुराज कीने।
शबद सुनि च्यार दिश चक्र चित चमकते,
पंच सद्ध्यान नीसाण[४१] दीने[४२] ॥५(१)॥ विकट...

पंच आचार वड वीर आगइं चलइ,
धरम दश भेद भट फिरइ पासइ।
सकल जन वन बल नाल-गोली[४३] बनइ,
सुणत सब दुसमन[४४] प्राण त्रासइ ॥६(२)॥ विकट...

सकल संजम महाव्रत गज गुलगुलिं[४५],
चल चलइं चरणविधु(धि) तुरंग सूरे।
अष्टदश सहस सीलंगरथ धडहडिं[४६],
खडहडइं[४७] दुसमन देखि दूरे ॥७(३)॥ विकट...

वश कीये चपल चारित्र तुरं(र?)ग[४८] चढे,
प्रबल बल सील सन्नाह[४९] पहिरे।
अतुल जिनआन सिर टोप ओपइ[५०] प्रगट,
कर कीए कुंत जतिकाज हेरइ[५१] ॥८(४)॥ विकट...

तरणि[५२] संतोष तरवारि[५३] तब जगमगिं,
ज्ञान धनुष पणच[५४] समकित गहू रे।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूलगुण तीर तरकस[५५] सब जब लीए,
तबहि कहइं दुसमन कोण हइं रे ॥९(५)॥ विकट...

सबल बल सज चले सेस सिर सलसलइं[५६],
मदन महिनाथके सुभट सूरे।
पंच मिथ्यात पहिलिं हणि झडझडिं[५७],
झटकि[५८] दश दिश बदन सुजस पूरे ॥९(६)॥ विकट...

मदन महिपति सुनी बात मदमत्त मन,
कोप आटोप[५९] दीइं दमामिं[६०]।
सबल बल सजि सजी सोल सामंत सब,
कूड कषाय नृप निकट धामिं[६१] ॥१०(७)॥ विकट...

अंगरक्षित बने नव(नो)-कखा(षा)ये नविं,
तरणि वर तुरग असवार साजिं।
कुसुम हथिआर सब जबहि हाथइं लिए,
सकल सुर असुर नरनाथ भाजिं[६२] ॥११(८)॥ विकट...

पंच आश्रव भटा[६३] जास भडवाइ[६४] भेडि(टि?),
बार वरती तिहां फिरइ सुभटी।
मोह अति कोह बल सबल सेनापती,
सुनत सुरनाथकी शक्ति विघटी ॥१२(८)॥

गलित मद मोह संक्लेस बल मदनके,
सकल मन काम कंबोज[६५] घोडे।
सबल बल सज करि मदन महीपति धरी,
देसकइं सीम रणरंग दोडे ॥१३(९)॥

कटक भट दोइं रणरंग रोसइ चढइ,
अधिक उत्साह र[ण]तूर वाजइं।
पंच आचार पंच आश्रय भड भिडे,
भीडते आश्रव सुभट भाजइ ॥१८(१०)॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भाजते कोप कीए मोह सेनापति,
हांक हथीआरके लाख छोडे।
तबही गुरुराजके कटक भड खडभडे,
सूरके सबहि अभिमान मोडे ॥१४(११)॥

सकल सुर असुर नर देखतिं दोट दिइं,
चोट एक मोह सिर लूट कीनिं।
श्रीगुरुराज सब साज सूरि तबहिं,
वयरीके कटक भंगान दीनिं ॥१५(१२)॥

मदन महीपति महा कोप आटोप कीइं,
धसकि[६६] घूंबड[६७] घसइं युद्ध सूरे।
आय वड वीर रणरंगभूमि जिहां,
हुं कीइ चूर चिहुं चक्र चूरइं ॥१६(१३)॥

दोइ सनमुख रहिं बाणमंडप कीइं,
गगन रवि चंदके बिंब छाहे[६८]।
कुंत[६९] कुंतिं लडइं कायर लडथडइं,
मदन हथीआर सब तबही धाए[७०] ॥१७(१४)॥

श्रीगुरु-तर(रू)णि संतोष तरवारि गहिं,
मदन एक चोर जिम वदन खंचिं[७१]।
कुसुम वृष्टिं करिं अमर गुरुराज सिर,
सुजसके छत्र धरि बहु दिवाजइ[७२] ॥१८(१५)॥

**दूहा-** मदन महीपति मथन[७३] करि, पुन्यउदयनु पूर।
साह थिरा कुल तिम जयो, वासणजी गुणभूर ॥१॥

विजयदेवसूरिंदनी, कूण लहइं गुणमाल।
**सत्य** कहइं जस बांहडी, सुरतरु केरी डाल ॥२॥

***॥ राग-धन्यासी ॥***

सुंदर गुणमणि मंदिर दीपइं, विजयदेवसूरिंदजी।
**तपगछ**गगन विभासन भासइं, प्रकट-तेज दिणंदजी ॥३(१)॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीविजयसेनसूरीश्वरपाटिं, जिनगुण-सुख-माकंदजी[७४]।
उदयो अभिनवो तेजइं दिनकर, जस प्रणमइं मुणिंदजी ॥४(२)॥

जिहां जलनिधि गिरि{मां} जगि[मां] गाजिं, जिहां लगिं मेरु गिरिंदजी।
जिहां शशि सूर तपइ अवनीतलि, तिहां जीवो गुरु-चंदजी ॥५(३)॥

श्री**सोभाग** विबुध पदपंकज, मधुकर परिमानंदजी।
**सत्यसौभाग्य** कहि चिर प्रतपो, ए गुरु सुखतरुकंदजी ॥६(४)॥

***॥ इति श्रीपुण्यखजानो श्रीविजयदेवसूरीश्वर जन्ममहोत्सव-दीक्षा-प्रवरविधानउत्साहःसमाप्तः ॥ शुभ ॥ कल्याणमस्तुः लेखक-पाठकयोः ॥***

## शब्दकोश

१) हाथीओनो समुह, २) आम्रवृक्ष, ३) गुंजारव, ४) करे छे, ५) कविरूपी कोयल, ६) द्युति-प्रकाश, ७) गुणोनुं संग्रहस्थान (दुकान), ८) इंद्रनी नगरी, ९) श्रेणीमां, पंक्तिमां, १०) गुणथी रंभा-अप्सरा जेवी, ११) विजयभेरी, १२) जनम्यो, १३) सर्व, १४) दिवस, १५) शरणाई, १६) प्रचूर, पुष्कळ, १७) पुण्यनो सुकाळ, १८) वर्ष, १९) विद्या, २०) समान, २१) चंद्र, २२) सुलक्षण, २३) सामग्री, २४) शिरमोरता, श्रेष्ठता, २५) पूल, २६) जीव, २७) रोकवा २८) थया, २९) लडे, ३०) वय, उमर, ३१) अनुयोग सहित, ३२) शुभ, ३३) यक्षराज, ३४) विद्वान, पंडित ३५) स्थान, ३६) कुबेर(?), ३७) सूक्ष्म समय (?), ३८) मुगट समान, ३९) मान, ४०) स्थापना, तैयारी, ४१) नोबत, ४२) वगाड्या, ४३) तोपना गोळा, ४४) ?, ४५) गर्जना करे, ४६) धडधडे, धडधड ध्वनि करे, ४७) खळभळे, ४८) घोडो, ४९) बख्तर, ५०) शोभवुं, ५१) नीरखे, ५२) सूर्य, ५३) तलवार, ५४) धनुषनी दोरी, ५५) बाण भरवानुं भाथुं, ५६) सळवळे, ५७) पडे, नासे(?), ५८) झडपथी, ५९) विस्तार, ६०) दमाम, रोफ, ६१) गाम/जग्या, ६२) दूर थाय, भागी जाय, ६३) योद्धा, ६४) पराक्रमनी ख्याति, ६५) कंबोज देशना घोडा, ६६) ध्रासको-भय अनुभवता, ६७) अनाडी(जंगली) पुरुषो, ६८) ढंकाय जाय, ६९) भालो अथवा बाण, ७०) दोड्या, ७१) पकडे, खेंचे, ७२) शोभे, ७३) नष्ट करी, ७४) आम्रवृक्ष(जेवा).

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*अज्ञात कर्तृक*

# गुरु विहार गहुंली

**गजेन्द्र शाह**

काव्य प्रकारोमां घणा प्रकारो तेना छंद बंधारणने लईने होय छे जेमके कवित्त, सवैया, चौपाई आदि। आ काव्यप्रकारोमां छंद, अक्षर पंक्ति आदि निर्धारित होय छे। केटलाक काव्य प्रकारो तेना विषयने लईने होय छे, जेम के स्तवन, सज्झाय, स्तुति आदि। आमां कोई निश्चित छंदादि न होता कोईपण तर्ज, रागमां होई शके छे, जेम के आंकणी(टेर)बद्ध ५ गाथा के तेथी वधु गाथावाळी गुणपरक, स्तुतिपरक रचना ते स्तवन, तेवी ज रीते उपदेशपरक कृति ते सज्झाय, आंकणी रहित ४ गाथानी (पहेली गाथामां कोईपण एक जिननी स्तुति, बीजीमां सर्वजिनस्तुति, त्रीजीमां श्रुत स्तुति अने चोथी गाथामां देव-देवीनी स्तुति) कृति ते थोय कहेवाय वगेरे। केटलाक काव्य प्रकारो प्रसंग, मोसम आदिने लईने होय छे, जेम के विवाहलो, फाग, गहुंली आदि। आमां पण स्तवन, सज्झायादिनी जेम आंकणी तथा कोईपण देशी, तर्ज आदि होई शके छे। विशेषता ए के आ कृतिओ खास करीने जे ते प्रसंग पर रचायेल होवाथी तेनो नामोल्लेख ते रीते थतो होय छे। प्रस्तुत प्रसंगे प्रकाशित थती कृति पण आवा ज प्रकारनी रचना छे, जेनुं नाम छे “गुरु विहार गहुंली”।

गहुंली शब्द वर्तमानमां वपरातो घणो प्रसिद्ध शब्द छे। सामान्य रीते गुरु भगवंतोना ग्राम प्रवेश, व्याख्यानादि के जिनालयादिमां अक्षत द्वारा करातो नंदावर्त के स्वस्तिक तेने गहुंली कहेवाय छे। स्वस्तिकने मांगलिक प्रतिक तरीके जोवाय छे। तेमां चार गति अंतना प्रतिकरूपे स्वस्तिकमां चार छेडा होय छे। चार गतिनो अंत करीने पांचमी सिद्धगति प्राप्त करवा सिद्धशिला कराय छे। मुक्तिफळनी प्राप्तिना संकेतरूपे सिद्धशिला पर फळ मूकवामां आवे छे। चार गतिथी मुक्ति भणी जवामां सहायक दर्शन, ज्ञान, चारित्र होय छे तेनी आराधनाना प्रतिकरूपे स्वस्तिक अने सिद्धशिलानी वच्चे अक्षतनी त्रण ढगली कराय छे। आ प्रकारे थती अक्षतनी गहुंलीमां सामान्य स्वस्तिकथी लई संसारना भवभ्रमणना अंतरूप नंदावर्त आदि प्रसंगोपात अनेक प्रकारोमां गहुंलीओ कराती होय छे। सुशोभन माटे तेना पर वपराता मोती, बदाम, रुपानाणुं तथा रजोहरणादिनी आकृतिओ आदि गहुंलीना वैविध्यमां वधारो करे छे। आम गहुंली कला अने धर्म बन्नेना समन्वयरूप छे। आ थई पाटला आदि पर

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कराती आकृतिरूप दृश्य गहुंलीनी वात। एटले के दृश्य अने श्राव्य, आकृति अने गेय कृति रुप बे प्रकारनी गहुंली होय छे। प्रायः आ दर्शनस्वरूप गहुंली करीने श्रवणयोग्य गावामां आवता ते प्रकारना गीत के काव्यने पण गहुंलीना नामे ज ओळखवामां आवे छे। प्रायः आ गहुंलीओ श्राविकाओ द्वारा गवाती होय छे। केटलीक वार श्राविकाओ जोडकणांनी जेम प्रसंगोपात तत्काल गहुंली बनावीने गाई लेती होय छे। त्यारे कोई प्रखर शीघ्रकविनुं स्मरण थया विना रहेतुं नथी।

गहुंलीओ प्रतिष्ठा, सालगीरी, पर्व प्रसंगे, जिनभक्ति महोत्सव, दीक्षा, तप उद्यापन, गुरु भगवंतनुं आगमन, विहार, जिनवाणी श्रवण, संघयात्रा वगेरे प्रसंगोमां गवाती होवाथी तेना विषयमां पण विविधता जोवा मळती होय छे। गहुंलीओनुं विशेष प्रमाण गुरु, व्याख्यान, जिनवाणी ऊपर जोवा मळे छे। गहुंलीओ गुरुगुण, वाणी तथा जे ते प्रसंगोने अनुरूप विचारोने गुंथी लेती होय छे। व्याख्यानना अंते तथा वच्चे पडता अल्प विराम वखते श्राविकाओ गहुंली गावानो अवसर प्रायः चुकती नथी। गहुंली वातावरणमां उत्साह, जागृति अने भावनानी लहेर जगावे छे। गहुंली विना प्रसंग अधुरो लागतो होय छे। गहुंली प्रसंगने शोभावे छे, दीपावे छे। व्याख्यान समये गवाती गहुंलीओमां भगवतीसूत्र, कल्पसूत्र, श्राद्धविधि प्रकरण के अन्य ग्रंथो पर पण गवाती होय छे। जेमां जे ते ग्रंथनो महिमा वर्णवेल होय छे।

ग्रंथ महिमा, गुरु महिमा, उर्मिओनी अभिव्यक्ति, अलंकार योजना, सरळ गेयता जेवां लक्षणोथी गहुंलीए काव्यजगतमां स्वतंत्र काव्य प्रकार तरीकेनी ओळख उभी करी छे। छेल्ला त्रणसो वर्षमां रचायेल समृद्ध गहुंली साहित्य, प्रकाशित पुस्तकोनी संख्या, वर्तमानमां थता सर्वत्र उपयोग आदि जोता आ काव्य प्रकारनी लोकप्रियता केटली अने केवी छे तेनो सहेजे ख्याल आवी जाय तेम छे।

गहुंली मात्र मानवसमाज पूरती अने आजनी ज प्रथा नथी। साक्षात भगवान ज्यां विचरता होय, ज्यां समवसरणमां बार पर्षदा बिराजमान होय त्यां परमात्मा आगळ पण किमती द्रव्य, हीरा, माणेक, मोती आदि रत्नो द्वारा प्रभु आगळ देवीओ, इन्द्राणीओ गहुंली करती होय छे। सीमंधरस्वामी भगवाननी प्रसिद्ध स्तुतिमां उल्लेख छे जेम के-

"महाविदेह क्षेत्रमां सीमंधरस्वामी, सोनानुं सिंहासन जी।
रूपानां त्यां छत्र बिराजे रत्नमणिना दीवा दीपे जी॥
कुमकुम वर्णी त्यां **गहुंली** बिराजे, मोतीना अक्षत सार जी।"

कवि समयसुंदरकृत सीमंधरस्वामीना स्तवननी कडी- **"इन्द्राणी काढे गहुंली**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जी, मोतीना चोक पूराय"** कवि ऋषभदास रचित पर्युषणनी थोयनी बीजी गाथाना शब्दो- **"धवल मंगल गीत गहुंली करीए"।**

अत्रे प्रकाशित करेल गहुंली विहार वखते गवाती गहुंली छे। साधु भगवंतो पोताना आचार प्रमाणे चातुर्मास दरम्यान जीवदया हेतु एक स्थळे स्थिरता करता होय छे। शेष काळमां आठ महिना एक जग्याए एक महिनाथी वधु रोकाता नथी। आ भगवान महावीरस्वामीना शासनवर्ती साधु भगवंतोनो आचार छे। आनी पाछळनुं कारण स्थानमोहनो त्याग अने विविध क्षेत्रोना भव्यात्माओने जिनवाणीनो लाभ प्राप्त थाय ते छे। लोकोक्ति छे के-

**"वहेतां पाणी निर्मळां, पड्यां गंदां होय।**
**साधु तो फिरता भला, दाग न लागे कोय ।।"**

